

બે કિમી લાંબી તિરંગા યાત્રા...

(તસવીર : સતીષ જાદવ)



વરસાદને કારણે ભીંજાયા પણ દેશભક્તિ ઘટી નહીં....



આઝાદીના લડવૈયાની વેશભૂષા લીધી



ભારતમાતા બની નાની બાળકીઓ...

# ઝરમર વરસાદ વચ્ચે સુરતમાં બે કિ.મી. લાંબી તિરંગા યાત્રા નીકળી

**મગદલ્લાના** Y જંક્શનથી લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમ સુધી નીકળેતી યાત્રાએ દેશભક્તિનો માહોલ સર્જ્યો

**યાત્રામાં** પોલીસ બાઈક પ્લાટુન, બેલેન્સિંગ બાઈક, માઉન્ટેન હોર્સ પ્લાટૂન, પોલીસ બેન્ડે જમાવટ કરી

**ફાયરના** જવાનો 600 મીટર લાંબો રાષ્ટ્રધ્વજ લઈને યાત્રામાં જોડાયા

સુરતઃ વરસતા વરસાદની વચ્ચે ભારત માતા, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી, શહીદ વીર ભગતસિંહ, શહીદ સુખદેવ, શહીદ રાજગુરુ, ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ, નેતાજી સુભાષચંદ્ર બોઝ, સરદાર વલ્લભભાઈ પટેલ, ચાફેકર બંધુઓ, વિનાયક દામોદર સાવરકર (વીર સાવરકર), ચંદ્રશેખર આઝાદ, લોકમાન્ય ટિળક, લાલ બહાદુર શાસ્ત્રી, ખુદીરામ બોઝ, મેડમ ભિકાજી કામા, મંગલ પાંડે, અલ્લુરી સીતારામ રાજુ સહિત દેશના તમામ મહાન ક્રાંતિકારીઓ તથા સ્વતંત્રતા સેનાનીઓ આજે સુરતમાં આયોજીત તિરંગાયાત્રામાં જોવા મળ્યા હતા. વિવિધ શાળાઓનાં બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ મહાનુભાવોની વેશભૂષા ધારણ કરીને સમગ્ર વાતાવરણને દેશભક્તિમય બનાવી દીધું હતું. નવી પેઢીએ દેશના અમર બલિદાનોને યાદ કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. સુરતમાં મગદલ્લા વાય જંક્શનથી લાલભાઈ કોન્ટ્રાકટર સ્ટેડિયમ સુધી યોજાયેલી બે કિ.મી. ની તિરંગા યાત્રામાં હજારો સુરતવાસીઓ તિરંગો હાથમાં લઈને જોડાયા હતા. 'વંદે માતરમ' અને 'ભારત માતા કી જય'ના નાદથી સમગ્ર માર્ગ દેશભક્તિના જુવાળમાં તરબોળ બન્યો હતો. વરસાદના અમીછાંટા વચ્ચે પણ દેશભક્તિના ઉત્સાહમાં કોઈ ઘટાડો જોવા મળ્યો નહોતો. કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરિયાએ તિરંગો લહેરાવી યાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું. 'વંદે માતરમ' અને 'જન ગણ મન'ના ગાન સાથે સિવિલ ડિફેન્સના ડિવિઝનલ વોર્ડન પ્રકાશકુમાર વેકરિયાના શંખનાદથી યાત્રાનો પ્રારંભ થયો હતો. ફાયર બ્રિગેડના જવાનો 600 મીટર લાંબો રાષ્ટ્રધ્વજ લઈને યાત્રામાં જોડાયા હતા. પ્રખ્યાત ગાયક ભાવિન શાસ્ત્રી અને તેમની ટીમે 'મેરી શાન તિરંગા', 'મેરા મુલ્ક મેરા દેશ', 'વંદે માતરમ્', 'સારે જહાં સે અચ્છા' અને 'એ મેરે વતન કે લોગો' જેવાં દેશભક્તિના ગીતોની રજૂઆત કરી હતી. આ યાત્રામાં પોલીસ બાઇક પ્લાટુન, ફાયર બાઇક પ્લાટુન, બેલેન્સિંગ બાઇક, માઉન્ટેન હોર્સ પ્લાટુન, મહિલા પોલીસ બેન્ડ, બ્લેક કેટ કમાન્ડો, હોમગાર્ડ અને એનસીસી કેડેટ્સના કરતબોએ લોકોનું ધ્યાન ખેંચ્યું હતું. શાળા-કોલેજોના વિદ્યાર્થીઓ, એનસીસી અને એનએસએસના કેડેટ્સ, યુવાનો, મહિલાઓ, પોલીસ જવાનો, સામાજિક સંસ્થાઓ, યુવામંડળો, ઉદ્યોગકારો, વેપારીઓ, GIDC, ડાયમંડ, કાપડ ઉદ્યોગ સહિત વિવિધ એસો. અને ધાર્મિક સંસ્થાઓના પ્રતિનિધિઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.



## 76 વર્ષના સિનિયર સિટિઝને આકર્ષણ જમાવ્યું

સુરત : આજે યોજાયેલ તિરંગા યાત્રાનું મુખ્ય આકર્ષણ 79 વર્ષના વયોવૃદ્ધ નરેશ ટાલીયા રહ્યા હતા. આ ઉંમરે પણ તેમનામાં જોવા મળેલો અદભુત જોશ અને ઉત્સાહ યુવાનો માટે પ્રેરણારૂપ બન્યો હતો. તેમણે યાત્રા દરમિયાન અનેક શારીરિક કરતબો અને કસરતો રજૂ કરીને ઉપસ્થિત તમામ લોકોના દિલ જીતી લીધા હતા અને સમગ્ર યાત્રામાં આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.

## પ૪.૭૯ લાખની ઠગાઈમાં વોન્ટેડ દલાલ ઝડપાયો

સુરતઃ સલાબતપુરા પોલીસ સ્ટેશનની ટીમે ન્યુ ટેક્સટાઇલ માર્કેટના વેપારી પાસેથી રૂ.પ૪,૭૯,૬૯પ ની કિંમતનો પેપર ક્રાફટનો માલ મેળવી પેમેન્ટ ન ચૂકવી છેતરપિંડી આચરનાર મુખ્ય દલાલ અમિત બલરાજ ગુપ્તા (ઉં.વ.૪૭, રહે., માહિમ, મુંબઈ)ને મુંબઈથી દબોચી લીધો હતો.

## ડિંડોલી પોલીસના હે.કો.નું અચાનક બેભાન થતા મોત

સુરતઃ મૂળ નાસિકના વતની સુનિલભાઈ રામકૃષ્ણા દારકે (52 વર્ષ) હાલમાં ઉમરવાડા ટેનામેન્ટમાં એક પુત્ર સહિતના પરિવાર સાથે રહેતા હતા. તેઓ ડિંડોલી પોલીસ સ્ટેશનમાં હેડ કોન્સ્ટેબલ તરીકે સેવા બજાવતા હતા. ગુરુવારે સવારે સુનિલભાઈ નોકરી પર જવા માટે તૈયાર થઈ રહ્યા હતા. તે સમયે અચાનક તેમણે છાતીમાં દુખાવો થયો હતો અને બેભાન થઈને ઢળી પડ્યા હતા. બનાવને પગલે તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે સુનિલભાઈને મૃત જાહેર કર્યા હતા.

## ગૌમાંસના ગુનામાં ફરાર આરોપી ઝડપાયો

સુરતઃ સુરતના સલાબતપુરા પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમે ૨૮૪.૪૫૦ કિલોગ્રામ ગૌમાંસ મંગાવવાના ગુનામાં છેલ્લા ત્રણ મહિનાથી નાસતા-ફરતા વોન્ટેડ મુખ્ય આરોપી હારૂન ઉર્ફે લાંબો આમદ શેખ (ઉં.વ.૬પ) (રહે.,હુશેનીયા મસ્જિદ પાસે, રઝાનગર, ભાઠેના, સલાબતપુરા, મૂળ રહે.,અકોલા, મહારાષ્ટ્ર)ને ઝડપી પાડ્યો છે. ગત ૭ મેના રોજ ઓટો રિક્ષા મારફતે ગેરકાયદે રીતે લવાતો ગૌમાંસનો જથ્થો પોલીસે જપ્ત કર્યો હતો.

## ચેક રિટર્ન કેસમાં ઉધનાના વેપારીને 1 વર્ષની કેદની સજા

સુરતઃ કઠોર કોર્ટે ચેક રિટર્ન કેસમાં ઉધનાના વેપારીને એક વર્ષની કેદની સજા ફટકારી હતી. આરોપી જીતેન્દ્ર જેઠા પટેલની બજરંગ સેલ્સે સિમેન્ટ બ્લોક ની ખરીદી કરી હતી. જે પેટે રૂપિયા પ લાખનો ચેક આપ્યો હતો. જે ચેક રિટર્ન થતાં ફરિયાદી લાઈટકોન ઇન્ડસ્ટ્રીઝ પ્રા.લીના ડો. રમેશભાઈ નારીયાએ કોર્ટમાં ફરિયાદ કરી હતી. ફરિયાદી તર્ફે એડવોકેટ નરેશ નાવડીયા,ભાવેશ નાવડીયા, સંદીપ માંગુકીયાએ દલીલો કરી હતી.

## સચિન GIDCમાં બાઈકે અડફેટે લેતાં યુવકનું મોત

સુરતઃ મૂળ પશ્ચિમ બંગાળના વતની અને હાલ સચિન જીઆઈડીસી ખાતે આવેલી મહાવીર સોસાયટીમાં રહેતો 31 વર્ષીય સુરજીન ઉર્ફે સૂરજ બરુન ટોન્ટુબઈ કાલે સાંજે તે ડાયમંડ ગેટ પાસેથી પસાર થઈ રહ્યો હતો. તે વખતે બાઈક ચાલક સૂર્યકાંત જૈનાએ તેને ટક્કર મારી હતી. જેથી સુરજીનને ગંભીર ઈજાઓને કારણે ટૂંકી સારવાર બાદ તેનું મોત થયું હતું.

# બે મિત્રની બાઈક ઝાડ સાથે અથડાતાં 1નું મોત, 1 ગંભીર

**મૂળ** યુપીનો રાકેશ પોતાના મિત્ર આકાશ સાથે કનસાડ રોડ પરથી બાઈક પર પસાર થતો હતો ત્યારે અકસ્માત થયો હતો

**આકાશ** બાઈક ચલાવતો હતો, રાકેશ પાછળ બેઠો હતો, અકસ્માતમાં રાકેશનું મોત થયું અને આકાશને ઈજા થઈ

**રાકેશ** બે બહેનનો એકલો ભાઈ હતો

સુરતઃ કનસાડ રોડ પર બે મિત્રની બાઈક ઝાડ સાથે અથડાતાં એકનું મોત થયું હતું. જ્યારે બાઈક ચાલક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો.

મૂળ ઉત્તરપ્રદેશના વતની બલેશ્વર યાદવ હાલમાં સચિન પાલીગામ ખાતે ત્રણ સંતાન સહિતના પરિવાર સાથે રહે છે અને ખાનગી કંપનીમાં નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. બલેશ્વરના સંતાન પૈકી 20 વર્ષીય પુત્ર રાકેશ ડાઈંગ પ્રિન્ટિંગ મિલમાં નોકરી કરી પરિવારને આર્થિક રીતે મદદરૂપ થતો હતો. તેમજ બે બહેન વચ્ચે એકનો એક ભાઈ હતો.

બુધવારે સાંજે રાકેશ તેના આકાશ નામના મિત્ર સાથે તેની બાઈક પર કામ માટે બહાર નીકળ્યો હતો. દરમિયાન બંને મિત્રો સચિન કનસાડ ગામ પાસેથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે આકાશ બાઈક ચલાવી રહ્યો હતો અને રાકેશ પાછળ બેઠો હતો.

દરમિયાન આકાશે બાઈકના સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવી દેતાં તેમની બાઈક ઝાડ સાથે અથડાઈ હતી, જેમાં બંને મિત્રને ગંભીર ઈજાઓ થઈ હતી. તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં રાકેશનું ટૂંકી સારવાર બાદ મોત થયું હતું. તેમજ આકાશ સારવાર હેઠળ હોવાનું જાણવા મળ્યું હતું. ઉલ્લેખનીય છે કે, રાકેશના મોત સાથે તેના પરિવારો

# ૧૫-૧૬ ઓગસ્ટની બે દિવસની રજા ટ્રેનો વેઈટિંગ વધ્યું, બસોમાં ભાડાં!

**૧૫ ઓગસ્ટ** શનિવાર અને ૧૬ ઓગસ્ટ રવિવારની સતત રજાની અસર

**ટ્રેનોમાં** લાંબુ વેઇટિંગ, ટ્રાવેલ્સ બસોએ પણ વધાર્યું ભાડું

**મુંબઈ-**અમદાવાદ-વડોદરા-ઉદયપુર રૂટની ટ્રેનોમાં લાંબુ વેઇટિંગ

સુરતઃ સ્વાતંત્ર્ય દિન ૧૫ ઓગસ્ટ શનિવાર અને તેના પછીના દિવસે રવિવારની એમ સતત બે દિવસની રજામાં સુરતવાસીઓએ ફરવા માટેનો પ્લાન બનાવી દીધો છે. માત્ર બે દિવસની રજામાં લોકો શહેરની બહાર જવાની તૈયારીમાં છે. તેની સીધી અસર રેલવે અને ખાનગી બસ ઓપરેટરોની બુકિંગ પર જોવા મળી રહી છે. મુંબઈ, અમદાવાદ, વડોદરા અને ઉદયપુર તરફ જતી મુખ્ય ટ્રેનોમાં સીટોની માંગ વધી ગઈ છે અને ઘણી ટ્રેનોમાં વેઈટિંગ ચાલી રહ્યું છે. ૧૫ ઓગસ્ટે સુરતથી પસાર થઈને મુંબઈ-અમદાવાદ રૂટ પર અનેક મુખ્ય ટ્રેનો સંચાલિત છે. તેમાં વેઈટિંગ વધ્યું છે. કર્ણાવતી એક્સપ્રેસમાં ૪૩ વેઈટિંગ, ગુજરાત એક્સપ્રેસમાં ૩૮, મુંબઈ-અમદાવાદ વંદે ભારતમાં ૩૧, શતાબ્દી એક્સપ્રેસમાં ૧૧ અને બાંદ્રા-અજમેર સુપરફાસ્ટમાં ૭૮ જોવા મળ્યું છે.

### શોર્ટ ડિસ્ટન્સના પ્રવાસન સ્થળોની બસોમાં પણ બુકિંગ વધ્યા

રેલવેમાં કન્ફર્મ સીટ નહીં મળવા પર મુસાફરોએ ખાનગી ટ્રાવેલ્સની બસો તરફ વળ્યા છે. સુરતથી સોમનાથ, દમણ, દીવ, સાપુતારા, શિરડી, નાસિક-ત્ર્યંબકેશ્વર અને એકતાનગર-કેવડિયા જતી બસોની માંગ વધી છે. ઓપરેટરોના જણાવ્યા અનુસાર રજાના કારણે ૧૫ ઓગસ્ટનું બુકિંગ સામાન્ય વીકએન્ડની સરખામણીમાં ઝડપી બન્યું છે. સૌથી વધુ માંગ શોર્ટ-ડિસ્ટન્સ પ્રવાસન સ્થળોની છે, જ્યાં લોકો બે દિવસમાં જઈને પાછા ફરી શકે છે. એટલે કે બે દિવસની રજાએ સુરતમાં ટ્રાવેલ ડિમાન્ડ અચાનક વધારી દીધી છે. ટ્રેનમાં કન્ફર્મ સીટ મળવી મુશ્કેલ બન્યા બાદ બસો વિકલ્પ બની રહી છે અને વધેલી માંગની અસર ભાડા પર પણ સ્પષ્ટ દેખાઈ રહી છે

### ક્યાં કેટલાં ભાડાં વધ્યાં

◆ સુરત-દમણ માટે ૪૯૯ થી ૧,૩૦૦ રૂપિયા સુધી ◆ સુરત-સાપુતારાઃ ૧૦૬ થી ૩૦૯ રૂપિયા સુધી ◆ સુરત-નાસિક/ત્ર્યંબકેશ્વરઃ ૨૮૪ થી ૧,૭૦૦ રૂપિયા સુધી ◆ સુરત-શિરડીઃ ૪૩૧ થી ૧,૧૦૦ રૂપિયાથી સુધી ◆ સુરત-સોમનાથઃ ૭૯૯ થી આશરે ૧,૫૫૦ રૂપિયા સુધી ◆ સુરત-દીવઃ ૭૦૦ થી ૧,૫૦૦ રૂપિયા સુધી ભાડા વધ્યા છે

# લિંબાયતમાં 2,000 ભૂલકાંને દૂરની શાળાએ ખસેડવા સામે ઉગ્ર વિરોધ

**લિંબાયતની** મનપાની બે શાળા ડિમોલિશનમાં આવતાં વાલીઓની રજૂઆત; 'રહીમ બસેરા'માં શાળા શરૂ કરવાની માંગ

સુરતઃ લિંબાયત વિસ્તારમાં આવેલી શ્રી કનૈયાલાલ મુનશી નગર પ્રાથમિક શાળા ક્રમાંક 225 અને ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી નગર પ્રાથમિક શાળા ક્રમાંક 119ના મકાન ડિમોલિશન હેઠળ આવતાં અહીં અભ્યાસ કરતા આશરે 2,000 વિદ્યાર્થીને અન્ય શાળામાં ખસેડવાની તંત્રની કવાયત સામે વાલીઓમાં રોષ ફેલાયો છે. નાનાં બાળકોને વિસ્તારથી દૂર આવેલી શાળાઓમાં મોકલવાને બદલે નવી શાળા તૈયાર થાય ત્યાં સુધી નજીકમાં જ અસ્થાયી શિક્ષણ વ્યવસ્થા ઊભી કરવાની માંગ વાલીઓએ કરી છે.

વાલીઓના જણાવ્યા મુજબ વિદ્યાર્થીઓને કુંભારીયા સહિતની દૂરની શાળાઓમાં મોકલવાની વાત ચાલી રહી છે. નાનાં બાળકો માટે રોજ દૂર સુધી આવવા-જવાની વ્યવસ્થા કરવી મુશ્કેલ બનશે. ખાસ કરીને ચોમાસામાં ભારે વરસાદ અને પાણી ભરાવાની સ્થિતિમાં બાળકોની સુરક્ષા અંગે પણ વાલીઓએ ચિંતા વ્યક્ત કરી છે. સાથે જ ટ્રાફિક, મુસાફરીનો વધારાનો સમય અને ખર્ચનો બોજ પણ વાલીઓ પર પડશે.

સ્થાનિક વાલી બશીર શેખે જણાવ્યું હતું કે, મારુતિનગરના નાકા પાસે મનપા દ્વારા 'રહીમ બસેરા'નું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. જ્યાં સુધી બંને શાળાના નવા મકાન તૈયાર ન થાય ત્યાં સુધી આ જગ્યા અસ્થાયી વર્ગખંડો માટે ફાળવવામાં આવે તો આશરે 2,000 બાળકો અને તેમના વાલીઓને મોટી રાહત મળી શકે છે. આ માંગને લઈને આજે આશરે 180થી 190 વાલીઓ એકત્ર થયા હતા અને સંબંધિત અધિકારીઓને લેખિત આવેદન આપી નજીકમાં જ અસ્થાયી શાળાની વ્યવસ્થા કરવાની રજૂઆત કરી હતી. વાલીઓએ સ્પષ્ટ કર્યું છે કે મુદ્દો માત્ર શાળા બદલવાનો નથી, પરંતુ નાનાં બાળકોની સુરક્ષા, નિયમિત શિક્ષણ અને સુવિધા સાથે જોડાયેલો છે. હવે મનપા તંત્ર વાલીઓની રજૂઆતને કેટલી ગંભીરતાથી લે છે તેના પર સૌની નજર છે.

# પોલીસમાં માત્ર અરજી થઈ પરંતુ કોર્ટે આગોતરા જામીન મંજૂર કર્યા

**કુબેરજી** બિલ્ડર્સના મૃતક ભાગીદારના વારસદારો વિરુદ્ધ ઈકો સેલમાં અરજી થઈ હતી

સુરતઃ શ્રી કુબેરજી એન્ડ સન્સ નામની પાર્ટનરશિપ ફર્મ વતી ભાગીદારના નામે લેવાયેલી મિલકત વેચી મરાઈ હોવાના આક્ષેપ સાથે ઈકો સેલમાં થયેલી અરજીના કામે આગોતરા જામીન અરજી કરનારા બે વેપારીની સેશન્સ કોર્ટે આગોતરા જામીન અરજી મંજૂર કરી હતી.

આગોતરા જામીન અરજી કરનાર અઠવાલાઈન્સ વિસ્તારના હિરેન શંકરલાલ ઉત્તમચંદાણી, લોકેશ શંકરલાલ ઉત્તમચંદાણી વિરુદ્ધ ઈકો સેલમાં કરાયેલી અરજી મુજબ નરેશ અગ્રવાલ અને અરજદારના પિતા વર્ષ 2006-07માં શ્રી કુબેરજી એન્ડ સન્સ નામની પાર્ટનરશીપ ફર્મના નામે વ્યવસાય કરતા હતા. પાર્ટનરશિપ ફર્મ વતી કામરેજ તાલુકાના બ્લોક/સરવે નં.20-Bની મિલકત અરજદારના પિતા શંકરલાલના નામે લેવામાં આવી હતી અને આ મિલકતની કિંમત પાર્ટનરશિપ ફર્મના ખાતામાંથી ચૂકવવામાં આવી હોવાનું જણાવાયું હતું. પરંતુ આ મિલકત ત્યારબાદ નિમેષકુમાર, વિશાલકુમાર અને રમેશભાઈને વેચી દેવામાં આવી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. અરજદારો તરફથી વકીલ વિરલ મહેતાએ રજૂઆત કરી હતી કે ફરિયાદી અને અરજદારો વચ્ચેનો વિવાદ પાર્ટનરશિપ સંબંધિત હોવાથી સંપૂર્ણપણે સિવિલ સ્વરૂપનો છે. હાલના આરોપી-અરજદારોની કસ્ટોડિયલ પૂછપરછની કોઈ જરૂરિયાત નથી અને આરોપીઓએ તપાસમાં સહકાર આપ્યો છે.


### વલસાડ નગરપાલિકા, વલસાડ

:: ૧૧ માસના ધોરણે હંગામી - કરાર આધારિત જગ્યા ભરવાની જાહેરાત ::

ના. સરકારશ્રીના સ્વચ્છ ભારત મિશન અર્બન, ગુજરાતના કાર્યાલય આદેશ ક્રમાંક-SBM/0108/07/2026 DATE: 04/08/2026 અંતર્ગત નગરપાલિકામાં ૧૧ માસના કરાર આધારિત-નિમણુંક સીટી મેનેજર-UWM-1 ની નીચેની વિગતે લાયકાત ધરાવતા ઉમેદવાર પાસેથી અરજીઓ માંગવામાં આવે છે. અરજી મોકલવાની અંતિમ તા.૨૦/૦૮/૨૦૨૬ની રહેશે. જેની નોંધ લેશો.

| અ.નં. | હોદ્દાનું નામ | શૈક્ષણીક લાયકાત | અનુભવ | પગાર ધોરણ | સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | સીટી મેનેજર - (UWM) | B.E/B.Tech- Environment / Civil / Mechanical / Water Resource | ૧ વર્ષ (ડીગ્રી મેળવ્યા બાદ) | રૂ.૩૦,૦૦૦/- (ફિક્સ માસિક) | ૦૧ |

નોંધ - કવર પર "સીટી મેનેજર -UWM ની પોસ્ટ માટે" એમ દર્શાવવું તથા નામ, સરનામું તથા મોબાઇલ નંબરનો સ્પષ્ટ ઉલ્લેખ કરવાનો રહેશે.

ચીફ ઓફિસર
વલસાડ નગરપાલિકા

પ્રમુખ
વલસાડ નગરપાલિકા

નં. માહિતી/વલસાડ/૩૧૪/૨૦૨૬


# હોટલમાં જુગાર!, મહિલા સહિત 29 પકડાયા

**ઈચ્છાપોરની** સનસિટી હોટલમાં ચોથા માળે જુગારધામ ચાલતું હતું, એક દિવસનું 20 હજાર ભાડું ચૂકવાતું હતું

સુરતઃ ઈચ્છાપોર પોલીસે ઈચ્છાપોર બસ સ્ટોપ નં.3 નજીક આવેલી સનસિટી હોટલના ચોથા માળે ચાલતા જુગારધામ ચાલતું હોવાની પોલીસને બાતમી મળી હતી. સાથે વિગત મળી હતી કે હોટલમાં મહેશકુમાર હીરાભાઈ ચૌધરી જુગારધામ ચલાવે છે. જેથી દરોડો પાડી મહિલા સહિત 29ની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે રૂ.2,94,400 રોકડા, 30 મોબાઈલ ફોનની કિં.રૂ.4.23 લાખ, બે કાર, એક ઓટો રિક્ષા અને 11 ટુ-વ્હીલર મળી 16.70 લાખનાં 14 વાહન કબજે કર્યા હતા. હોટલના માલિક મહેશે જુગાર આશીફ કરીમ ખાન પઠાણ, શાહરૂખ શરીફ શેખ અને મોહમંદ સાજીદ અબ્દુલ રઝાક મોતીયાણી રમાડતા હોવાનું અને રોજના રૂ.20 હજાર ભાડા પેટે આપતા હોવાનું પોલીસને જણાવ્યું હતું.

### જુગાર રમતા કોણ કોણ પકડાયા

મહેશકુમાર હીરાભાઈ ચૌધરી (ઉં.વ.32) (હોટલ વ્યવસાય) (રહે.,504-સિદ્ધિચક્ર રેસિડન્સી, ગૌરવ પથ રોડ, પાલ, સુરત, મૂળ વતનઃ માહી, તા.વડગામ, જિ. બનાસકાંઠા), શાહરૂખ શરીફ શેખ (ઉં.વ.32) (ડ્રાઇવિંગ) (રહે.,એ/66, રૂમ નં.6, ભેસ્તાન આવાસ, ડિંડોલી, સુરત), આશીફ ખાન કરીમ ખાન પઠાણ (ઉં.વ.31) (મજૂરીકામ) (રહે.,ઘર નં.7, ડી/2 જૂની ટેનામેન્ટ, ઉમરવાડા, સલાબતપુરા, સુરત), મોહમંદ સાજીદ અબ્દુલ રઝાક મોતીયાણી (ઉં.વ.34) (રિક્ષા ડ્રાઇવર) (મકાન નં. 7/1645, હરિજન નિવાસ, સૈયદપુરા પમ્પિંગ સ્ટેશન પાછળ, કામદાર આવાસ, લાલગેટ, સુરત), ઝાકીર હુસૈન અલી હુસૈન અંસારી (ઉં.વ.37) (ઓટોરિક્ષા ડ્રાઇવર) (રહે.,ઘર નં. 7/1470, વરિયાળી બજાર, મદારીવાડ, હસ્તીપુરા, લાલગેટ, સુરત), રઈશખાન રફીકખાન પઠાણ, (ઉં.વ.24) (ડ્રાઇવિંગ) (રહે.,એ/82, રૂમ નં. 07, ભેસ્તાન આવાસ, ડિંડોલી), સોહેબ ફારૂકભાઈ શેખ (ઉં.વ.33) (ડ્રાઇવિંગ) (રહે.,એ/51, રૂમ નં. 14, ભેસ્તાન આવાસ, ડિંડોલી), આરીફ ઇસ્માઈલ શેખ (ઉં.વ.32) (મજૂરીકામ) (રહે.,એ/89, રૂમ નં. 08, ભેસ્તાન આવાસ, ડિંડોલી), આદીલ ઐયુબ પટેલ (ઉં.વ.23) (વેપાર) (રહે.,ઘર નં. 616, મક્કા પેલેસ, હોડી બંગલા, લાલગેટ), ઇદરીશ શફીયુદ્દીન કાજી (ઉં.વ.45) (મજૂરીકામ) (રહે., ગલી નં.4, ગાંધીનગર ઝૂંપડપટ્ટી, કિન્નરી, સલાબતપુરા), બશીર ઉસ્માન મંસુરી, (ઉં.વ.47) (નોકરી) (રહે.,404, રોનક એપાર્ટમેન્ટ, બડેખાં ચકલા, ચોકબજાર), રફીક શકીલ પટેલ (ઉં.વ.39) (મજૂરીકામ) (રહે.,રૂમ નં. 37, ઉમરવાડા લોકાસ્ટ કોલોની, સલાબતપુરા), નવાઝ રફીક શેખ (ઉં.વ.22) (સિલાઈકામ) (રહે.,ફ્લેટ નં.217, મક્કા પેલેસ, હોડી બંગલા, લાલગેટ, સુરત), ઇકબાલ જબ્બાર શેખ (ઉં.વ.25) (મજૂરીકામ) (રહે.,ઘર નં.709, ગાંધીનગર ઝૂંપડપટ્ટી, ઉમરવાડા, સલાબતપુરા), બીલાલ ઐયુબ મલેક (ઉં.વ.30) (નોકરી) (ઘર નં.11, શાંતિનગર, ઉધના ત્રણ રસ્તા), શાબીરઅલી અખ્તરઅલી સૈયદ (ઉં.વ.32) (રિક્ષા ડ્રાઇવર) (રહે.,સી-46, રૂમ નં. 2, EWS આવાસ, ભેસ્તાન આવાસ), ઇરફાન ઈબ્રાહિમ પઠાણ (ઉં.વ.43) (રિક્ષા ડ્રાઇવર) (રહે.,એ-91, રૂમ નં.6, EWS આવાસ, ભેસ્તાન આવાસ), ઈરફાન મુસાભાઈ ઘાસવાલા (ઉં.વ.45) (રિક્ષા ડ્રાઇવર) (રહે.,ઘર નં. 47, રાહત મહોલ્લો, પમ્પિંગ સ્ટેશન, સૈયદપુરા), જાવેદ અબ્દુલ અઝીઝ શેખ (ઉં.વ.32) (રિક્ષા ડ્રાઇવર) (રહે.,સી-2, રૂમ નં.3, EWS આવાસ, ભેસ્તાન આવાસ), સાકીર શકીલ શાહ (ઉં.વ.32) (મજૂરીકામ) (રહે.,દાઉદ સઈદનો ટેકરો, પમ્પિંગ સ્ટેશન, સૈયદપુરા, લાલગેટ), ઇમરાનખાન પઠાણ (ઉં.વ.39) (મજૂરીકામ) (રહે.,ઘર નં. 831, ગલી નં. 16, હળપતિ કોલોની, માન દરવાજા), અઝહર ગુલામ હૈદર શેખ (ઉં.વ.32) (ડ્રાઇવિંગ) (રહે.,ઘર નં.7/4289, ગલી મંડી, સુથાર ફળિયું, દિલ્હીગેટ), રહીશ શેખ ગુલામ રસુલ (ઉં.વ.24) (ડ્રાઇવર) (રહે.,બિલ્ડિંગ નં.સી/102, રૂમ નં.9, ભેસ્તાન આવાસ, પાંડેસરા), રોશન મુકેશભાઈ રાઠોડ (ઉં.વ.25) (મજૂરીકામ) (રહે.,મકાન નં.19, લુહાર ફળિયું, એકેડમી સ્કૂલ પાછળ, ઉધના ત્રણ રસ્તા), અલારખા અજીત શેખ (ઉં.વ.24) (રિક્ષા ડ્રાઇવર) (રહે.,મકાન નં.707, ઓમનગર ટેનામેન્ટ, લિંબાયત, સુરત), જીતુ દિલીપ પાટીલ, (ઉં.વ.28) (મજૂરીકામ) (રહે.,મકાન નં.58, શાંતિનગર, લિંબાયત), અબ્દુલ સલામ અબ્દુલ કાદર શેખ, (ઉં.વ.28) (રિક્ષા ડ્રાઇવર) (રહે.,મકાન નં.501, અલીફ એપાર્ટમેન્ટ, કબીરપુરા, ક્ષેત્રપાળ મંદિર સામે, અઠવાલાઈન્સ), સૂરજ પ્રવીણ જોગેલ (ઉં.વ.34) (ડિશ કનેક્શનનું કામ) (રહે.,મકાન નં.58, ઉધના ઉદ્યોગનગર, રોડ નં.13, મુક્તનગર, ઉધના), દિપકીર સીરનસિંગ બાવરી (ઉં.વ.45) (ઘરકામ) (રહે.,શનિવારી બજાર ઝૂંપડપટ્ટી, મંદિર પાસે, તાપી કિનારે, ચોકબજાર)


### પશ્ચિમ રેલવે દ્વારા ગણપતિ સ્પેશિયલ ટ્રેનોની વધારાની ટ્રીપ ચલાવવામાં આવશે

| ટ્રેન નં. | પ્રસ્થાન (ક્યાંથી) | આગમન (ક્યાં સુધી) | દોડવાનો દિવસ | દોડવાની તારીખ |
|---|---|---|---|---|
| 09114 | વડોદરા | રત્નાગિરી | મંગળવાર | 08.09.2026 22.09.2026 |
| 09113 | રત્નાગિરી | વડોદરા | બુધવાર | 09.09.2026 23.09.2026 |
| 09110 | વિશ્વામિત્રી | રત્નાગિરી | બુધવાર | 09.09.2026 |
| 09109 | રત્નાગિરી | વિશ્વામિત્રી | ગુરુવાર | 10.09.2026 |
| 09124 | વિશ્વામિત્રી | રત્નાગિરી | સોમવાર | 07.09.2026 |
| 09123 | રત્નાગિરી | વિશ્વામિત્રી | સોમવાર | 07.09.2026 |
| 09022 | ઉધના | રત્નાગિરી | ગુરુવાર | 10.09.2026 |
| 09021 | રત્નાગિરી | ઉધના | ગુરુવાર | 10.09.2026 |
| 09030 | વલસાડ | રત્નાગિરી | સોમવાર | 07.09.2026 |
| 09029 | રત્નાગિરી | વલસાડ | મંગળવાર | 08.09.2026 |

ટ્રેનના સ્ટોપેજ, રોકાણનો સમય અને કોચ સંયોજન સંબંધિત વિગતવાર માહિતી માટે મુસાફરો https://enquiry.indianrail.gov.in/mntes/ પર મુલાકાત લઈ શકે છે.

ટ્રેન નંબર 09114, 09110, 09124, 09022 અને 09030 ના વધારાના ફેરા માટેનું બુકિંગ 15.08.2026થી તમામ PRS કાઉન્ટર્સ અને IRCTC વેબસાઇટ શરૂ થશે. ઉપરોક્ત ટ્રેનો સ્પેશિયલ ટ્રેનો તરીકે સ્પેશિયલ ભાડા પર દોડશે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઇક અને ફોલો કરો
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

કૃપા કરીને તમામ રિઝર્વ ટિકિટો માટે ઓરિજિનલ આઈડી પ્રૂફ સાથે રાખો.